નજાનૂના સાહસો

નિકોલાઈ નોસોવ

07



ઉડાન માટેની તૈયારીઓ



નજાનૂના સાહસો

નિકોલાઈ નોસોવ

07

ઉડાન માટેની તૈયારીઓ

અનુવાદ:દીપ્તિ રાજુ

બોરિસ કૈલાશિન દ્વારા ચિત્રો



RADUGA PUBLISHERS
MOSCOW





બીજા દિવસે સવારે જાનૂએ પોતાના મિત્રોને દરરોજ કરતાં વહેલા જગાડ્યા. બધા ઊઠ્યાં અને બલૂનમાં ઉડવાની તૈયારી કરવા લાગ્યા.

બેન્ડમ અને ટ્વિસ્ટમે તેમના ચામડાના જેકેટ પહેર્યા. શોટે તેના મનપસંદ લાંબા બૂટ પહેર્યા, જે ઘૂંટણની ઉપર સુધી આવતાં હતા. લાંબી મુસાફરી માટે આ બૂટ ખૂબ જ સારા હતા.

સ્વિફ્ટીએ પોતાનો "વીજળી પોશાક" પહેર્યો. આ પોશાક વિશે થોડું જાણવું જરૂરી છે. સ્વિફ્ટી હંમેશાં ઉતાવળમાં રહેતો અને તેને સમય બગાડવો ગમતો નહોતો. તેથી તેણે પોતાના માટે એવો પોશાક બનાવ્યો હતો જેમાં એક પણ બટન નહોતું.

આપણે સૌ જાણીએ છીએ કે કપડાંનાં બટન લગાવવામાં અને ખોલવામાં ઘણો સમય જાય છે. તેથી સ્વિફ્ટીના કપડાંમાં અલગ શર્ટ અને પેન્ટ નહોતાં. તેનો આખો પોશાક એક જ



રોલી-પોલીએ પોતાનો સૌથી સારો પોશાક પહેર્યો. તેને સૌથી વધુ ખિસ્સાં ખૂબ ગમતાં હતાં. કોઈ પણ પોશાકમાં જેટલાં વધુ ખિસ્સાં હોય, એટલો તે તેને વધુ પસંદ કરતો.

તેનાં સૌથી સારા કોટમાં કુલ દસ ખિસ્સાં હતાં-બે છાતી પર, બે બાજુએ હાથ ગરમ રાખવા માટે, બે બહારની તરફ સીવેલા, ત્રણ અંદરની તરફ અને એક પાછળ ગુપ્ત ખિસ્સો. તેનાં પેન્ટમાં પણ ઘણા ખિસ્સાં હતાં-બે આગળ, બે પાછળ, બે બાજુએ અને એક જમણા ઘૂંટણ પર.સામાન્ય રીતે, રોજિંદા જીવનમાં આવા સત્તર ખિસ્સાવાળાં કપડાં તો માત્ર કેમેરામેન જ પહેરે છે.


ટ્રીકલી-સ્વીટરે ચોરસ ડિઝાઇનવાળો (ચેકવાળો) પોશાક પહેર્યો. તે હંમેશાં આવા ચેકવાળા કપડાં જ પહેરતો. તેની પેન્ટ ચેકવાળી હતી, જેકેટ ચેકવાળું હતું અને તેની ટોપી પણ ચેકવાળી હતી.જ્યારે પણ માઇટ્સ તેને રસ્તા પર આવતો જોતા, ત્યારે તેઓ બૂમ પાડતા: "જુઓ! શતરંજનું પાટિયું આવી રહ્યું છે!"

પ'રેપ્સએ ત્વચાને ચોંટી રહે એવો પોશાક પહેર્યો. તેને લાગતું હતું કે લાંબી મુસાફરી માટે આ પોશાક ખૂબ આરામદાયક રહેશે.પ્રોબ્લીએ પટ્ટાવાળી જર્સી અને પટ્ટાવાળી પેન્ટ પહેરી. તેણે ગળામાં પટ્ટાવાળો સ્કાર્ફ પણ બાંધ્યો.

એકંદરે, તેના બધાં જ કપડાં પટ્ટાવાળા હતા. દૂરથી જોતા, તે માઇટ કરતાં વધુ ગાદલાં જેવો લાગતો હતો!







બધાંએ પોતાના પાસેના સૌથી સારા કપડાં પહેર્યા. જોકે સ્કેટરબ્રેન એવું ન કરી શક્યો. તેને પોતાની વસ્તુઓ ગમે ત્યાં ફેંકી દેવાની ટેવ હતી, તેથી આ ખાસ સવારે તેને પોતાનું જેકેટ મળતું જ નહોતું. તેને તેની ટોપી પણ મળી નહોતી, પરંતુ છેલ્લી ઘડીએ તેને પથારીની નીચેથી કાન ઢાંકતી શિયાળાની ટોપી મળી ગઈ.

ચિત્રકાર બ્લોબ્સે નક્કી કર્યું કે ઉડાન દરમિયાન તે જે કંઈ જોશે તે બધાનાં ચિત્રો દોરશે. નીકળવાનો સમય થાય તેના પહેલાં જ તેણે પોતાના રંગો અને પીંછીઓ બલૂનના ટોપલામાં મૂકી દીધી હતી. ટ્રિલ્સ પોતાની વાંસળી સાથે લઈ ગયો. ડૉ. પિલમૅને પોતાની દવાઓની થેલી ટોપલાની એક બેઠક નીચે મૂકી. આ ખરેખર સમજદારીનું કામ હતું, કારણ કે આવી અનોખી મુસાફરીમાં કોઈને કોઈ તો બીમાર પડી જ જવાનું હતું.

ઘડિયાળમાં છ વાગ્યા પહેલાં જ નગરના લગભગ બધાં લોકો ઘરની આસપાસ ભેગા થઈ ગયા હતા. ઘણાં લોકો તો વાડ પર અથવા ઘરોની છત પર પણ ચડી ગયા હતા.

સૌથી પહેલાં બલૂનના ટોપલામાં સ્વિફ્ટી ચડ્યો. તેણે પોતાના માટે સૌથી આરામદાયક બેઠક પસંદ કરી. ત્યાર પછી



“ કારણ કે પહેલાં આપણે બલૂનમાં ગરમ હવા ભરવી પડશે.”
“શા માટે?” સ્વિફ્ટીએ ફરી પૂછ્યું.
“કારણ કે ગરમ હવા ઠંડી હવા કરતાં હળવી હોય છે, તેથી તે ઉપર ચઢે છે. જેમ જેમ આપણે બલૂનમાં ગરમ હવા ભરીશું, તેમ તે ઉપર ઊઠશે અને તેની સાથે ટોપલીને પણ લઈ જશે,” જાનૂએ સમજાવ્યું.
“તો હજુ પણ આપણે તેમાં ગરમ હવા ભરવી પડશે!” નજાનૂએ નિરાશ અવાજમાં કહ્યું અને તે તથા સ્વિફ્ટી ટોપલીમાંથી બહાર નીકળી આવ્યા.
“જુઓ!” પડોશના એક ઘરની છત પરથી કોઈએ બૂમ પાડી.
“તેઓ બહાર નીકળી રહ્યા છે. આખરે તેમણે ન જવાનું નક્કી કરી લીધું!”
“સ્વાભાવિક છે,” બીજી એક છત પરથી અવાજ આવ્યો. “આવા બલૂનમાં બેસીને કોઈ આકાશમાં ઉડી શકે એમ છે શું! તેઓ તો ફક્ત આપણને મૂર્ખ બનાવવાનો પ્રયત્ન કરી રહ્યા છે!”
આ બધું ચાલી રહ્યું હતું ત્યારે જાનૂએ પોતાના મિત્રોને કેટલીક બોરીઓમાં રેતી ભરવા અને તેને ટોપલીમાં મૂકવા કહ્યું. સ્વિફ્ટી, મમ્સ અને પ’રેપ્સએ જાનૂએ કહ્યું તેમ જ કર્યું.
“તેઓ શું કરી રહ્યા છે?” મૂંઝવણમાં પડેલા લોકો પૂછવા લાગ્યા.
“ટોપલીમાં રેતીની બોરીઓ શા માટે મૂકી રહ્યા છે?”
“અરે, તમને આ બોરીઓ શા માટે જોઈએ છે?” ઝાડ પર બેસેલા સિંકરે બૂમ પાડી.



“ અમે જ્યારે આકાશમાં ઊંચે હોઈશું ત્યારે તમારા માથા પર ફેંકવા માટે!”
નજાનૂએ જવાબ આપ્યો.
નજાનૂને પોતાને પણ ખબર નહોતી કે એ બોરીઓ શા માટે હતી.તેના મનમાં જે પહેલો જવાબ આવ્યો, તે જ તેણે આપી દીધો.
“પહેલા તમે ઉપર તો પહોંચી જાઓ!” સિંકરે સામો જવાબ આપ્યો.
“એ લોકો ડરી ગયા છે, એટલે પોતે બેસવાને બદલે રેતીના કોથળાં મૂકી રહ્યા છે,” મિજ નામના એક નાના માઇટે કહ્યું. તે સિંકરની બાજુમાં વાડ પર બેઠો હતો.
બધા હસી પડ્યા.
“ચોક્કસ, તેઓ ડરે છે. પરંતુ ડરવાની કોઈ જરૂર નથી. બલૂન તો ઊડવાનું જ નથી.”
“પણ જો ઊડી જાય તો?” વાડની તિરાડમાંથી ઝાંખી કરતી એક નાની માઇટ છોકરીએ પૂછ્યું.
બલૂન ઊડશે કે નહીં તે અંગે તેઓ દલીલ કરી રહ્યા હતા, ત્યાં સુધીમાં જાનૂએ પોતાના મિત્રોને આંગણાની વચ્ચે મોટો અગ્નિ સળગાવવા કહ્યું. ત્યારબાદ ત્યાં ઊભેલા લોકોએ જોયું કે બેન્ડમ અને ટ્વિસ્ટમ તેમની વર્કશોપમાંથી એક મોટું તાંબાનું બોઇલર બહાર લાવ્યા અને તેને આગ પર લટકાવી દીધું.
બેન્ડમ અને ટ્વિસ્ટમે આ બોઇલર તેની અંદરની હવાને ગરમ કરવા માટે બનાવ્યું હતું. તેમાં એક ઢાંકણું હતું, જેમાં એક છિદ્ર હતું અને જે મજબૂતીથી બંધ થઈ જતું હતું. તેની બાજુમાં પણ એક છિદ્ર હતું.



બોઇલરની બાજુમાં આવેલા એક છિદ્રમાં પાઇપ જોડવામાં આવી હતી. પાઇપના બીજા છેડે એક પંપ હતો, જેના દ્વારા બોઇલરમાં હવા ભરવામાં આવતી હતી. હવા ગરમ થતાં જ તે ઢાંકણમાં આવેલા છિદ્રમાંથી બહાર નીકળી જતી હતી. ત્યાં ભેગા થયેલા લોકોમાંથી કોઈને ખબર નહોતી કે આ બોઇલર શા માટે હતું, પરંતુ દરેક જણ પોતપોતાનો અંદાજ લગાવી રહ્યા હતાં.

"મને તો લાગે છે કે તેઓ ખીચડી બનાવવાના છે, જેથી મુસાફરી પર નીકળતાં પહેલાં પેટ ભરીને નાસ્તો કરી શકે," ડેઝી નામની એક છોકરી માઈટએ કહ્યું.

"હા, એ તો ખરું જ!" મિજે કહ્યું. "આટલી લાંબી મુસાફરી પર જવાનું હોય, તો સારો નાસ્તો કરવો જ પડે!"

"સાચી વાત. કદાચ એ તેમનું છેલ્લું..." ડેઝીએ ઊંડો શ્વાસ લેતાં કહ્યું.


"છેલ્લું શું?"

"છેલ્લું ભોજન. તેઓ બલૂનમાં બેસીને આકાશમાં ઊડશે. પછી બલૂન ફાટી જશે અને તેમની વાર્તા ત્યાં જ પૂરી થઈ જશે."

"અરે, ચિંતા ન કર. બલૂન નહીં ફાટે," સિંકરે કહ્યું. "પહેલા તો એ ઊડે તો ખરા! એક અઠવાડિયાથી તો એ અહીં જમીન પર જ પડ્યું છે. હજુ સુધી કોઈ તેમાં ઊડ્યું પણ નથી."

"પણ હવે તો તેઓ ઊડવા જ રહ્યા છે," પી-વીએ કહ્યું. તે ટિંકલ સાથે બલૂનનું ઉડાન જોવા આવ્યો હતો.

આ વાત સાંભળીને ત્યાં જોરદાર ચર્ચા શરૂ થઈ ગઈ. એક વ્યક્તિ કહે કે બલૂન ઊડશે, તો બીજો તરત કહે કે નહીં ઊડે. અને જો કોઈ કહે કે નહીં ઊડે, તો સામેનો તરત જ કહે કે ચોક્કસ ઊડશે.



એટલી બૂમાબૂમ અને ચીસાચીસ થઈ રહી હતી કે બીજો કોઈ અવાજ સંભળાતો જ નહોતો. એક છાપરાં પર ઊભેલા બે નાના છોકરા માઇટ્સ એટલા ગુસ્સે થઈ ગયા કે તેઓ એકબીજા સાથે મારામારી કરવા લાગ્યા. આખરે તેમના પર ઠંડું પાણી રેડીને તેમને અલગ પાડવા પડ્યા.

ત્યાં સુધીમાં બોઇલરની અંદરની હવા સારી રીતે ગરમ થઈ ગઈ હતી. જાનૂએ કહ્યું કે હવે બલૂનમાં ગરમ હવા ભરવાનો સમય થઈ ગયો છે. પરંતુ ગરમ હવા ભરતાં પહેલાં બલૂનની અંદરની ઠંડી હવા બહાર કાઢવી જરૂરી હતી.

જાનૂએ દોરી ખોલી, એટલે ઠંડી હવા જોરદાર **સસસ...** અવાજ સાથે બહાર નીકળવા લાગી. ત્યાં ઊભેલા લોકો તો પોતાની દલીલોમાં એટલા મગ્ન હતા કે શું થઈ રહ્યું છે તેની તરફ તેમનું ધ્યાન જ નહોતું. પરંતુ હવે તેઓ ફરીને જોવા લાગ્યા. તેમણે જોયું કે બલૂન ધીમે ધીમે નાનું થતું જઈ રહ્યું હતું. થોડા જ સમયમાં તે સુકાઈ ગયેલા સફરજનની જેમ કરચલી પડેલું અને ઢીલું થઈ ગયું અને ટોપલીના તળિયે આવીને પડી ગયું. જ્યાં થોડા સમય પહેલાં એક મોટું અને સુંદર બલૂન હતું, ત્યાં હવે ફક્ત ભોજપત્રની (ભૂરજની છાલની) બનેલી ટોપલી અને તેના પર પાથરેલી જાળી જ દેખાતી હતી. જેવી હવા નીકળવાનો અવાજ બંધ થયો, તેમ જ બધાં લોકો ખડખડાટ હસી પડ્યા. જેમણે કહ્યું હતું કે બલૂન ઊડશે, તેઓ પણ હસ્યા, અને જેમણે કહ્યું હતું કે બલૂન નહીં ઊડે, તેઓ પણ હસ્યા.




નજાનૂનો મિત્ર [illegible] તો એટલો હસ્યો કે છાપરાં પરથી નીચે પડી ગયો અને તેનું માથું અથડાઈ ગયું. ડૉક્ટર [illegible] તરત જ પોતાની દવાની થેલી લેવા દોડ્યા અને તેના માથા પર આવેલા ઢીમણાં પર આયોડિન લગાવી દીધું.

"અરે, તો આ રીતે બલૂન આકાશમાં ઊડે છે!" ત્યાં ઊભેલા લોકો બોલી ઊઠ્યા.
"વાહ રે જાનૂનું બલૂન! આખું અઠવાડિયું મહેનત કરીને બનાવ્યું અને એક જ ક્ષણમાં ફાટી ગયું! કેવો મજાક થયો! અરે વાહ, કેટલું રમૂજી છે!"
પણ જાનૂએ તેમની વાતોની જરાય પરવા કરી નહીં. તેણે બોઇલરથી બલૂન સુધી એક પાઇપ જોડી અને પોતાના મિત્રોને પંપ ચલાવવાનું કહ્યું. તાજી હવા બોઇલરમાં ભરવામાં આવવા લાગી. બોઇલરમાં હવા ગરમ થતાં તે પાઇપ દ્વારા બલૂનમાં જવા લાગી. ધીમે ધીમે બલૂન ફૂલવા લાગ્યું અને ટોપલીમાંથી ઉપર ઊઠવા લાગ્યું.
"જુઓ! જુઓ!" લોકો બૂમો પાડવા લાગ્યા. "બલૂન ફરીથી ફૂલી રહ્યું છે! શું તેઓ ગાંડા થઈ ગયા છે? શું તેઓ ઈચ્છે છે કે બલૂન બીજી વાર પણ ફાટી જાય?"
કોઈને વિશ્વાસ નહોતો કે બલૂન ખરેખર ઊડશે. પરંતુ બલૂન સતત મોટું થતું ગયું. છેલ્લે તે એટલું મોટું થઈ ગયું કે ટોપલી ઉપર એક વિશાળ તરબૂચ પડ્યું હોય એવું લાગતું હતું.
અચાનક બધાએ જોયું કે બલૂન ધીમે ધીમે ઉપર ઊઠવા લાગ્યું અને તેની ઉપર પાથરેલી જાળી તંગ થઈ ગઈ.
આ દૃશ્ય જોઈને શહેરના લોકો આશ્ચર્યથી દંગ રહી ગયા. હવે તેઓ પોતાની આંખે જોઈ રહ્યા હતા કે આ વખતે કોઈ દોરડાં વડે બલૂનને ઉપર ખેંચી રહ્યું નહોતું.
"હુરરરરરે!" ડેઝીએ ખુશીમાં તાળીઓ પાડતાં બૂમ પાડી.



"બૂમો પાડવાનું બંધ કરો!" સિંકર ગુસ્સાથી બોલ્યો.
"પણ જો તો ખરા! બલૂન ઉપર ઊઠી રહ્યું છે!"
"હજુ ક્યાં ઊઠ્યું છે? તે તો ટોપલી સાથે બંધાયેલું છે. અને ટોપલીમાં આટલા બધા માઇટ્સ બેઠા હોય, તો તે ટોપલીને ક્યારેય ઉપર ઉઠાવી જ નહીં શકે."
પણ એ જ ક્ષણે સિંકરે પોતાની આંખે જોયું કે બલૂને ટોપલીને જમીન પરથી સહેજ ઊંચકી લીધી હતી. આ જોઈને તે એટલો ચોંકી ગયો કે જોરથી બૂમ પાડી ઊઠ્યો:
"પકડો! પકડો! નહીં તો એ ઊડી જશે! તમે લોકો શું કરી રહ્યા છો?"
પણ બલૂન ઊડી ગયું નહીં, કારણ કે ટોપલી મજબૂત રીતે હેઝલના ઝાડ સાથે બાંધેલી હતી. તે માત્ર ટોપલીને જમીનથી થોડું જ ઊંચે ઉઠાવી શક્યું.
"હુર્રર્રરે!" ચારેય તરફથી ખુશીના અવાજો આવવા લાગ્યા. " હુર્રર્રરે! હુર્રર્રરે! જાનૂ માટે! હુર્રર્રરે! બલૂન માટે! તેણે આમાં શું ભર્યું છે? વરાળ?"
હવે ત્યાં હાજર કોઈને પણ શંકા રહી નહોતી કે બલૂન ખરેખર આકાશમાં ઊડશે કે નહીં.







ISBN 5-05-000049-1